પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૯/કવા–૦૩/૧૫–૧૬ / 3330 તા. 23/02/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ખોડાભાઈ દેવાભાઈ ઝાટીયા
ગામ: રામપર,
તા. જી. જામનગર,

વિષય :–ઘરવપરાશ ના બીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૫–૧૧–૧૫ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૪૯/કવા–૦૩/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) 03

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામ નગર
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ , ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામા આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:. 06 [A]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૪૯/કવા–૦૩/૧૫–૧૬ | કમિટિ મીટીંગ તા.૦૫–૦૩–૧૬ | સ્થળ :–જામનગર |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: ખોડાભાઈ દેવાભાઈ ઝાટીયા, ગામ: રામપર

રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે તેમના ભાઈ શ્રી વશરામભાઈ દેવાભાઈ ઝાટીયા હાજર રહેલ હતા

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)

રજુઆત કરનાર : એમ.એમ.રાબડીયા ઈન્ચાર્જ, ઈન્ચાર્જ કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર

---

## : હુકમ:

**ફરીયાદ : ઘરવપરાશ ના બીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના ગામ : રામપર ખાતે તેઓના ઘરવપરાશ વીજજોડાણ નુ મીટર તા.૧૭–૦૫–૧૪ ના રોજ બદલાવી અને તા.૨૭–૦૯–૧૪ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરાયા બાદ, પીજીવીસીએલ તરફથી, તેઓને રૂ.૧૧,૬૫૬/– નુ જે વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ તેઓને, જે વીજબીલ અપાયેલ છે, તે વીજબીલ તેઓને, યોગ્ય અને વ્યાજબી પણા હેઠળ નુ ન જણાતા, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર નુ તેઓના ગામ : રામપર ખાતે તેઓના ઘરવપરાશ વીજજોડાણ નુ સવાલવાળુ, એચપીએલ કંપની નુ સવાલવાળુ સીંગલ ફેઇઝ મીટર, જે પર્ફોમા --૧૫ નંબર: ૧૬૩૬૩ તા.૧૭–૦૫–૧૪ ના રોજ બદલાવી અને પેપરપેક કરાયેલ હતુ. આ સમયે મીટર મા છેલ્લા રીડીગ ૫૦૧૭ નોધાયેલ હતા, અને આ જ તા. ૧૭–૦૫–૧૪ ના રોજ એચપીએલ કંપની નુ નવુ મીટર, જે શરૂઆતના ૦૦૦૦ રીડીગ થી લગાડવામા આવેલ હતુ. ત્યારબાદ, સદર મીટર ને તા.૨૧–૦૬–૧૪ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હતુ. અને તેમા છેલ્લા રીડીગ ૩૫૦૧.૭૯ જણાયેલ હતા. પરંતુ, લેબોરેટરી ચકાસણી દરમ્યાન, '' મીટર નો કાચ તુટેલ હોવાની બાબત '' લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા લખાયેલ છે. |
| **૨.૨** | આમ, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર તાંત્રીક રીતે યોગ્ય જણાયેલ હોય, જે મુજબ, સદર મીટર મા, તા. ૧૭–૦૫–૧૪ ના રોજ ની ચેકીગ શીટ નંબર મા નોધાયેલ છેલ્લા રીડીગ: ૫૦૧૭ અને, અગાઉ ના માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી --૧૪ ના બીલ મા નોધાયેલે છેલ્લા રીડીગ:૩૨૪૧, એમ તફાવતીય, ૧૭૭૬ યુનીટ (હાલ ના ૫૦૧૭ – પાછલા ૩૨૪૧ = ૧૭૭૬ ) નુ, તા.૨૬–૦૫–૧૪ ના રોજ, રૂ.૧૧,૦૮૦/૮૩ નુ સવાલવાળુ, માહે માર્ચ–એપ્રીલ -૧૪ નુ વીજબીલ અપાયેલ હતુ. સદર કેઈસ મા, '' પડતર / ચડત યુનીટ ની બાબત'' જણાયેલ છે. જે મુજબ, અરજદાર શ્રી ના જોડાણ મા અગાઉ જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૩ થી માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૪ સુધી ના કુલ ૦૬ (છ) દ્રીમાસીક બીલો, જે પ્રતિબીલ '' ૬૦ યુનીટ ફોલ્ટી સ્ટેટસ હેઠળ ના '' અપાયેલ હતા. જે મુજબ, સદર મીટર તાંત્રીક રીતે યોગ્ય જાહેર થયેલ હોય, તેમા નોંધાયેલ યુનીટ પણ જોડાણ ના વીજવપરાશ મુજબ ના જ હોય, અગાઉ ના સવાલવાળા કુલ ૦૬ (છ) ફોલ્ટી સ્ટેટસ હેઠળ ના પ્રતિ ૬૦ યુનીટ નો સરવાળો – એટલેકે ૩૬૦ યુનીટ, જે સવાલવાળા માર્ચ–એપ્રીલ –૧૪ ના ૧૭૭૬ યુનીટ માથી બાદ કરી (૧૭૭૬ – ૩૬૦ = ૧૪૧૬ યુનીટ ) ૧૪૧૬ યુનીટ ની ગણતરીએ, સદર સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ –૧૪ નુ વીજબીલ, રીવાઇઝ કરવુ જરૂરી જણાયેલ છે. |
| **૨.૩** | અરજદાર શ્રી ના સદર ઘરવપરાશ વીજજોડાણ મા માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૪ ના બીલ અંતે ના સમય ની તા.૦૭–૦૩–૧૪ ની સ્થિતી ની રકમ રૂ.૫૭૭/– પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ નથી. તેમજ, સવાલવાળા માહે માર્ચ–એપ્રીલ –૧૪ ના બીલ મા રૂ.૯,૦૨૭/૯૫ જમા આપતા, ત્યારબાદ ના જુલાઈ–ઓગષ્ટ –૧૪ તેમજ સપ્ટેમ્બર–ઓકટોબર –૧૪ અને નવેમ્બર – ડિસેમ્બર –૧૪ ની સ્થિતીએ એટલેકે તા.૨૧–૦૧–૧૫ ની સ્થિતી એ, બાકી રહેતી રકમ રૂ.૮,૩૧૭/૪૯ તેમજ હાલ ની તા.૧૬–૦૩–૧૬ ની સ્થિતી એ, સદર જોડાણ મા આખરી બાકી રહેતી રકમ રૂ.૧૧,૦૧૬/૩૧ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ નથી. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| **૩.૧** | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ કક્ષાએથી મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના જોડાણ નુ સવાલવાળુ મીટર, જે પર્ફોમા –૧૫ નંબર: ૧૬૩૬૩ તા.૧૭–૦૫–૧૪ ના રોજ બદલાવવામા આવેલ હતુ, આ સમયે, મીટર મા છેલ્લા રીડીંગ ૫૦૧૭ નોંધાયેલ હોવાની બાબત પર્ફોમા નં. –૧૫ મા નોંધાયેલ છે. ત્યારબાદ, તા. ૨૧–૦૬–૧૪ ના રોજ સદર મીટર લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. આ સમયે, લેબોરેટરી ચકાસણી રીપોર્ટ મા છેલ્લા રીડીંગ : ૩૫૦૧.૭૯ નોંધાયેલ છે. આમ, સદર મીટર ની તા. ૧૭–૦૫–૧૪ ની સ્થળ ચકાસણી શીટ અને તા.૨૧–૦૬–૧૪ ની લેબોરેટરી ચકાસણી શીટ મા, મીટર મા નોંધાયેલ છેલ્લા રીડીંગ મા ઘણી જ વિસંગતતા જણાયેલ છે. તદઉપરાંત, તા.૨૧–૦૬–૧૪ ની લેબોરેટરી ચકાસણી શીટ મા, સદર મીટર નો, '' કાચ તુટેલ હોવાની સ્પષ્ટ બાબત '' લખાયેલ હોવા છતા, એ મુજબ સદર મીટર ક્ષતિગ્રસ્ત હોવા છતા, સદર મીટર ને પીજીવીસીએલ તરફથી '' ક્ષતિગ્રસ્ત જાહેર કરવાને બદલે'' તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરી, અને અરજદાર શ્રી ને સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ –૧૪ નુ, તફાવતીય યુનીટ મુજબ ની ગણતરીએ થતુ ૧૭૭૬ યુનીટ (હાલ ના ૫૦૧૭ – પાછલા ૩૨૪૧ = ૧૭૭૬ ) નુ, તા.૨૬–૦૫–૧૪ ના રોજ, રૂ.૧૧,૦૮૦/૮૩ નુ સવાલવાળુ, માહે માર્ચ–એપ્રીલ –૧૪ નુ વીજબીલ અપાયેલ હતુ. |
| **૩.૨** | આમ, મુદદા નં.૩.૧ મુજબ ની વિગતે ની , તા.૨૧–૦૬–૧૪ ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન, સવાલવાળા મીટર નો ''કાચ તુટેલ'' હોવાની બાબત સ્પષ્ટ થયેલ છે. જે મુજબ, સદર સવાલવાળુ મીટર ક્ષતિગ્રસ્ત છે. અને ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ઘારાઘોરણ– એટલેકે નોટીફિકેશન નંબર: ૧૧/૨૦૦૫ ના મુદદા નં. ૬.૧.૮ અને૬.૧.૧૧ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' જોડાણ ના તાંત્રીક રીતે યોગ્ય એવા મીટર મા, નોંઘાતા યુનીટ અન્વયે સ્થપાયેલ – પ્રતિબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ બીલીંગ કરવાની જોગવાઈ છે. જે મુજબ અરજદાર શ્રી ને, અગાઉ પીજીવીસીએલ તરફથી, સદર સવાલવાળા મીટર ને તાંત્રીક રીતે યોગ્ય જાહેર કરી અને અપાયેલ સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ –૧૪ નુ, અગાઉ ના સમયગાળા ના ચડત / પડતર એવા ૧૭૭૬ યુનીટ (હાલ ના ૫૦૧૭ – પાછલા ૩૨૪૧ = ૧૭૭૬ ) નુ, તા.૨૬–૦૫–૧૪ ના રોજ નુ, રૂ.૧૧,૦૮૦/૮૩ નુ સવાલવાળુ વીજબીલ, રદબાતલ કરી અને જોડાણ મા તા. તા.૨૭–૦૯–૧૪ ના રોજ મુકાયેલ નવા મીટર મા, તા. ૦૬–૦૩–૧૬ સુધી ના, ૧૮ માસ ના ૫૨૬ દિવસો ના સમયગાળા મા નોંધાયેલ કુલ ૬૫૧ યુનીટ – જે પ્રતિ માસીક – ૬૫૧ ÷ ૧૮ = ૩૬.૧૬ યુનીટ મુજબ ની સરેરાશ – જે પ્રતિ દ્રીમાસીક ૭૨.૩૨ યુનીટ – જે વધુ મા વધુ ૭૫ યુનીટ ની સરેરાશ, જે તા.૨૭–૦૯–૧૪ ના રોજ મુકાયેલ તાંત્રીક રીતે એવા નવા મીટર મા વાસ્તવિક વીજવપરાશ યુનીટ મુજબ ની સરેરાશ સ્થપાયેલ છે. આ ધોરણે, અરજદાર ને અપાયેલ સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ –૧૪ નુ ૧૭૭૬ યુનીટ નુ વીજબીલ રદ કરી, અને ૭૫ યુનીટ ની ગણતરીએ નવેસર થી રીવાઇઝ ગણતરી પ્રમાણે બનાવી, અને અરજદાર ને આપવુ જરૂરી છે. આ મુજબ, અરજદાર નુ સવાલવાળુ માહે માર્ચ–એપ્રીલ –૧૪ નુ ૧૭૭૬ યુનીટ નુ રૂ.૧૧,૦૮૦/૮૩ નુ વીજબીલ રદ કરી, અને ૭૫ યુનીટ ની ગણતરીએ થતી રકમ મુજબ નુ, સદર જોડાણ ના બીલીંગ ખાતામા ઉધારવામા આવશે. જેથી, અરજદાર શ્રી એ તેમના જોડાણ મા, અગાઉ ના માહે જાન્યુઆરી–ફેબ્રુઆરી –૧૪ ની સ્થિતીએ બાકી રહેતી રકમ રૂ.૫૭૭/– અને ત્યારબાદ માહે માર્ચ–એપ્રીલ–૧૪ ના રીવાઈઝ ૭૫ યુનીટ ની ગણતરીએ થતી રકમ, અને ત્યારબાદ આજદિન સુધી જોડાણ મા અપાયેલ તમામ નિયમીત વીજબીલો ની રકમ, વગેરે મુજબ ની આજદિન સુધી ની કુલ રકમ, પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની રહેશે. સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ને સદર બીલ માર્ચ–એપ્રીલ –૧૪ નુ બીલ ૧૭૭૬ યુનીટ ને બદલે ૭૫ યુનીટ ની ગણતરી એ રીવાઇઝ કરી, અને તે અન્વયે અરજદાર પાસેથી આજદિન સુધી ના વીજબીલ ની રકમ ની વસુલાત કરવાની, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતે,અરજદાર ને અપાયેલ માહે માર્ચ–એપ્રીલ –૧૪ નુ ૧૭૭૬ યુનીટ નુ, તા.૨૬–૦૫–૧૪ ના રોજ અપાયેલ રૂ.૧૧,૦૮૦/૮૩ નુ સવાલવાળુ વીજબીલ રદ કરી, અને ૧૭૭૬ યુનીટ ને બદલે ૭૫ યુનીટ ની ગણતરી એ રીવાઇઝ કરી, અને દિન–૧૦ મા અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ અરજદાર શ્રી ને આપવાનો પીજીવીસીએલ ને આદેશ આપવામા આવે છે. |
| **૪.૨** | તેમજ, અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીગ ખાતામાં, સદર સવાલવાળા માહે માર્ચ–એપ્રીલ –૧૪ ના બીલ ની રીવાઇઝ ૭૫ યુનીટ ની ગણતરી મુજબ ની રકમ, જે અરજદાર ના સદર જોડાણ ના બીલીગ ખાતામા નોંધ થયા પછી, આજદિન સુધી એટલેકે માર્ચ–એપ્રીલ –૧૬ સુધી ની સ્થિતીએ સદર જોડાણ મા બાકી રહેતી રકમ ભરપાઈ કરવાની પણ અરજદાર પક્ષકાર ને ખાસ જાણકારી આપવામા આવે છે. |

(કુ. યુ.એચ.જુઠાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન.ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..